dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
April 2011 For private circulation only Vol. 03 - Issue 55-56

આજે જે કંઈ ગુજરાતમાં થયું છે તે કોઈપણ રીતે એમ આયાત નથી કર્યું કે બધું થઈ ગયું અને સમાપ્ત થયું છે. અને હવે કશું સિધ્ધ કરવાનું બાકી રહેતું નથી. આના બદલે તે માત્ર એ સાબિત કરે છે કે, ગુજરાતની આર્થિક સફળતાની કથા એ મુખ્યત્વે વ્યાપક બુદ્ધિના મૂળભૂત સિધ્ધાંતો પર આધારિત છે અને તેના સમકક્ષોની સાથે હરણફાળ ભરીને વૈશ્વિક તાકાત પર પહોંચવાની રાજય માટે જે જરૂરી છે, ને ધરાવે છે. ... સ્વપ્ન, રાજકીય ઈચ્છા, સક્ષમ વહીવટ, અધિકારિતા અને સર્જકતા, સફળતાના ચાવીરૂપ શબ્દો છે.

શુભેન્દુ અમિતાભ (ગુજરાત : ક્ષિતિજની પેલે પાર)

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સ્વર્ણિમ વર્ષના સર્જનાત્મક કાર્યક્રમોની સ્વર્ણિમ સિધ્ધિઓ, આશાઓ તથા ભાવિ સંકલ્પોને ચરિતાર્થ કરવાના વિઝનમાં પ્રત્યેક ગુજરાતી જોડાય તે ધ્યાને રાખી રાજયનો સ્વર્ણિમ મહોત્સવ જ્ઞાનશકિત, ઉર્જાશકિત, જળશકિત, રક્ષાશકિત તથા જનશકિતની પંચામૃત સંકલ્પના સાથે ઉજવાઈ ગઈ. દક્ષિણ ગુજરાત વિભાગને 'જ્ઞાનશકિત' મહોત્સવની ઉજવણીમાં સંમેલિત કરાઈ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા સુરત મહાનગર પાલિકાના સંયુકત ઉપક્રમે જ્ઞાનશકિતનો કાર્યક્રમ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાઈ ગયો. સમગ્ર યુનિવર્સિટીની વિવિધ કોલેજોના સાતેક હજારથી વધુ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો જ્ઞાનશકિતની ઉજવણીમાં ભાગીદાર બન્યા. યુનિવર્સિટી તથા યુવા જગતને કેન્દ્રમાં રાખી થયેલ કાર્યક્રમો સીમાચિહન રૂપ રીતે ઉજવાયા.

કોઈપણ પ્રદેશના વિકાસનો આધાર તેની મૂળભૂત સંપત્તિનો ઈષ્ટ ઉપયોગ, તેના લોકોની વૈચારિક પ્રવાહિતા, જળ સંસાધન, ઉર્જા સંપદાની ઉદ્દિપકતાની સ્થિતિ, ઉપરાંત આંતરિક સુરક્ષા પર અવલંબિત છે. રાજયના વિકાસ માટે આ મૂળ પંચશકિતઓનો સમન્વય થવો જોઈએ. જે પ્રદેશમાં આ પંચામૃત પૂર્ણ સ્વરૂપે પ્રગટે તે જ નંબર વન બની શકે તથા નંબર વન પર ટકી શકે. રાજયની બૌધ્ધિક સંપદાને મહત્વ આપી, તેના થકી, રાજયનો વિકાસ કઈ રીતે થાય તે હેતુથી 'જ્ઞાનશકિત'નો પ્રોજેકટ સમગ્ર વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવ્યો. તેમાં નોંધનીય બાબત એ રહી કે રાજયની જનતાનું મનોકાશ ખુલે અને તેમની ક્ષિતિજો વિસ્તરે તે હેતુથી "વાંચે ગુજરાત" અભિયાન સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે અમલી બનાવવામાં આવ્યું. સ્વર્ણિમ વર્ષ દરમ્યાન ૨૫ લાખ વિદ્યાર્થીઓએ ૧ કરોડ પુસ્તકો વાંચ્યા. શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં ૧૫ લાખ વિદ્યાર્થીઓએ ૬૦ લાખ પુસ્તકો વાંચ્યા. 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ, 'તરતું પુસ્તક', 'ગ્રંથ મંદિર', 'ગ્રંથયાત્રા', 'વાંચન-પ્રેરણા' શિબિરો જેવા અનેક કાર્યક્રમો સમગ્ર ગુજરાતમાં થયા. સ્વર્ણિમ જયંતી વર્ષમાં રાજયના રમત-ગમત ક્ષેત્રનો વિકાસ થાય તેમજ રાજયનું ગૌરવ વધારે તેવી પ્રતિભાઓનું સર્જન થાય તે માટે 'ખેલ મહાકુંભ'નું આયોજન થયું. જેમાં રાજયના ૧૪ લાખ યુવક-યુવતીઓએ ભાગ લીધો. ૨૦,૦૧૭ ચેસના ખેલાડીઓએ 'ચેસ મહોત્સવ'માં ભાગ લઈ વિશ્વ વિક્રમ સર્જ્યો.

'સંસ્કૃત મહાકુંભ' અંતર્ગત રાજયમાં સંસ્કૃત ભાષામાં અભિરુચિ વધે તે માટે પસંદગી કરેલ સ્થળોએ સંસ્કૃતમાં નાટક, ગરબા, ગીતો વગેરે કાર્યક્રમોનું આયોજન થયું. તેમજ સંસ્કૃત ચલચિત્રો બતાવવામાં આવ્યા. ૧ લાખ જેટલા નાગરિકોએ સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવ્યું. શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ ગુજરાતના ઈતિહાસ અને વર્તમાનથી માહિતગાર બને તે માટે 'ગુજરાત કિવઝ'નું આયોજન કરવામાં આવ્યું. કિવઝ સ્પર્ધાના પ્રથમ તબકકે શાળા/કોલેજ સ્તરે ૨૭ લાખ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો. બીજા તબકકામાં ૩૯ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો. 'ગુજરાત કિવઝ'ની વેબસાઈટ ખૂબ જ પ્રચલિત બની તથા અનેક લોકોએ ઓનલાઈન સ્પર્ધામાં ભાગ લીધો.

ઉચ્ચશિક્ષણ પર આંતરાષ્ટ્રીય પરિસંવાદ પંડિત દીન દયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે યોજાયો. જેમાં શૈક્ષણિક સંસ્થાઓની આંતરરાષ્ટ્રીય ગોળમેજી પરિષદમાં કુલ ૭૪ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર થયા. ૧૯૬૦ થી ૨૦૧૦ સુધીની શિક્ષણયાત્રા દર્શાવતી કોફી ટેબલ બુક "જ્ઞાનયાત્રા"ના માધ્યમથી ૧૯૬૦ થી શરૂ કરીને દરેક દસકા પ્રમાણે પ્રાયમરી, સેકન્ડરી, ઉચ્ચતર, પ્રોફેશનલ તથા નોન ફોર્મલ શિક્ષણના વિકાસની યાત્રા પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવી.

ગુજરાતના વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્તરે પ્રત્યાયન અને શિક્ષણમાં આગળ વધે તે માટે અંગ્રેજી ભાષાનું જ્ઞાન કેળવવા 'સ્કોપ' ના વર્ગો તથા ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા રાજયના યુવાધનને યોગ્ય જ્ઞાન અને તાલીમથી

સજ્જ કરી શૈક્ષણિક યોગ્યતાનુસાર રોજગારીની નવી દિશા ખોલવામાં આવી. ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં સુવર્ણચંદ્રક મેળવનાર ૨૦૦ જેટલા સુવર્ણચંદ્રક વિજેતાઓની 'ગોલ્ડ કલબ' સ્થાપવામાં આવી. રાજયની કોલેજોમાં વર્ષ-૨૦૦૯ સુધીમાં ૨૧૪ ડિજિટલ ઈંગ્લીશ લેબ સ્થાપવામાં આવી છે. રાજયભરમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં એકસૂત્રતા લાવનારી 'સપ્તધારા' યોજવાની શરૂઆત કરવામાં આવી છે. રાજય સ્તરની 'સપ્તધારા'ની અંતિમ હરીફાઈનું યજમાન બનવાની જવાબદારી યુનિવર્સિટીએ સુંદર રીતે પાર પાડી હતી.

રાજયમાં ઉચ્ચશિક્ષણનો વ્યાપ વધારવા ખાનગી સંસ્થાઓને અવકાશ પૂરો પાડી વિવિધ નવીન યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી છે. જેમાં પેટ્રોલિયમ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, ધીરૂભાઈ અંબાણી યુનિવર્સિટી, કડી સર્વ વિશ્વવિદ્યાલય, નેશનલ લૉ યુનિવર્સિટી, ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, સેપ્ટ યુનિવર્સિટી, ઓરો યુનિવર્સિટી, તરસાડિયા યુનિવર્સિટી, વિગેરેનો સમાવેશ થાય છે. રાજય સરકાર દ્વારા અનુદાનિત યુનિવર્સિટીઓમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, રક્ષા યુનિવર્સિટી વિગેરેનો સમાવેશ થાય છે.

ઉચ્ચશિક્ષણમાં ગુણવત્તાના પ્રસાર માટે 'ગુજરાત જ્ઞાન સંગમ'-નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાતના પ્રોજેકટની સ્થાપ્ના કરી, ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારણાના પ્રયત્નો થઈ રહયા છે. સમગ્ર રાજયની તમામ યુનિવર્સિટીઓમાં ચોઈસ બેઝડ ક્રેડીટ પ્રથાનો અમલ કરવાની પૂરતી તૈયારીઓ ચાલી રહી છે તથા આગામી સત્રથી તેનો અમલ ક્રમિક રીતે શરૂ થશે.

'જ્ઞાનશકિત'ના ઉપક્રમે માત્ર ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે જ નહીં પરંતુ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણને પણ ગુણવત્તા સભર બનાવવાના પ્રયત્નો વધુ સંસ્થાગત બન્યા છે. 'ગુણોત્સવ', 'પ્રવેશોત્સવ' અને 'કન્યા કેળવણી' જેવા ગુણાત્મક વિકાસના કાર્યક્રમો અમલમાં મૂકવાથી ડ્રોપ આઉટ રેટમાં નોંધનીય ઘટાડો થયો છે. 'રાઈટ ટુ એજયુકેશન એકટ'ના અમલ માટે ધોરણ ૧ થી ૪, ૫ થી ૮ અને ૯ થી ૧૨ એમ ત્રણ એકમોમાં સમગ્ર પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણને વિભાજીત કરવામાં આવ્યું છે. વિજ્ઞાનના શિક્ષણને પ્રાધાન્ય આપી તમામ તાલુકાઓમાં ઓછીમાં ઓછી એક વિજ્ઞાન પ્રવાહની શાળા સ્થાપવાની કામગીરી ચાલુ છે. સરસ્વતી યાત્રા અને સાક્ષર ભારતના કાર્યક્રમો થકી નિરંતર શિક્ષણની પ્રવૃત્તિઓના કાર્યક્રમો અમલી બન્યા છે, 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' દ્વારા બી.પી.એલ. કુટુંબની કન્યાઓને વધુ અભ્યાસની સુવિધા પૂરી પાડવામાં આવે છે. 'વીમાદીપ' વીમા રક્ષણ યોજના અન્વયે વિદ્યાર્થીઓને વીમાનું રક્ષા કવચ પૂરું પાડવામાં આવે છે.

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના આ પ્રસંગે આપણને આપણા રાજયને વધુ સારી રીતે જાણવા અને સમજવાના આપણા ઉત્સાહે, આંખ ખોલનારી નવી દ્રષ્ટિ આપતી યાત્રા કરાવી છે. ગુજરાતની એ તાસીર રહી છે કે તમામ વિશેષતાઓ સામે ટકી રહી ઉદાહરણ પૂરું પાડવું. રાજયના તંત્રે રચનાત્મક અભિગમ દ્વારા, નિરંતર પરિવર્તન પામતી ક્ષિતિજોને શોધવાનો પ્રયત્ન કર્યો છે. આ તમામ પ્રયત્નોને જાણવા-સમજવાનો-સમજાવવાનો પરિશ્રમ એટલે જ્ઞાનશકિતનો સ્વર્ણિમ મહોત્સવ.

જ્ઞાનશકિતની ઉજવણીના ભાગ રૂપે યુનિવર્સિટી પરીસરમાં "ઉદીશા"ના ઉપક્રમે પ્રી-પ્લેસમેન્ટ ટ્રેઈનીંગ કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું. સમગ્ર યુનિવર્સિટી વિસ્તારના એક હજારથી વધુ વિદ્યાર્થીઓ નવીન તૈયાર થયેલ ઓડિટોરિયમમાં ભાગ લીધો. ઓડિટોરીયમમાં આ પ્રથમ જાહેર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતમાં રોજગારીની તકો, ઈન્ટરવ્યૂની તૈયારી, આત્મ વિશ્વાસ અને હકારાત્મક વર્તણૂંક, મેનર્સ તથા એટીકેટ જેવા રસપ્રદ વિષયો પર વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

'સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણી તથા 'વાંચે ગુજરાત'ના આ વર્ષમાં સુરત શહેરમાંથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા આશરે ૮૫૦૦૦ જેટલાં પુસ્તકો 'ગ્રંથદાન' કાર્યક્રમમાં મેળવવામાં આવ્યા. આ પુસ્તકોના વિભાગીકરણ તથા સૂચિનું કામકાજ પૂર્ણ થયે ગ્રંથ મંદિરોમાં ભેટ સ્વરૂપે પહોચતાં કરાશે. સુરત મ્યુનિસિપાલીટી સ્ટાફ તથા એન.એસ.એસ. તેમજ કલેકટર કચેરીના સંયુકત ઉપક્રમે કાર્યક્રમ સફળ રહયો.

એક બાબતનો ખાસ ઉલ્લેખ કરવાનું યોગ્ય ગણું છું. યુનિવર્સિટી ગ્રંથાલયમાં વૈદિક સાહિત્યના ગ્રંથો લગભગ નહોતા. આ સંદર્ભે ગીતા પ્રેસ ગોરખપુર, સુરતના વિતરક ગૌભકત શ્રી રામજીભાઈ ચાન્ડક સાથેની ઔપચારિક વાતચીતમાં તેમણે યુનિવર્સિટી ગ્રંથાલયને તમામ પ્રકાશનો, પુસ્તકો રાખવાની વ્યવસ્થા સહિત દાન આપવાની તૈયારી બતાવી. પ્રખ્યાત ભાગવત ભૂષણ કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા, રામકૃષ્ણ ડાયમંડના ઉદ્યોગપતિશ્રી ગોવિંદભાઈ ધોળકીયા તથા સુરતના ખ્યાતનામ બિલ્ડર શ્રી જેરામભાઈ કાસોદરિયાની વિશિષ્ટ ઉપસ્થિતિમાં યુનિવર્સિટીની લાયબ્રેરીમાં 'ગીતા પ્રેસ ગોરખપુર સાહિત્ય કોર્નર' આકાર પામ્યું છે. યુવાન મિત્રો ધાર્મિક તથા વૈદિક સાહિત્ય જેવા વિષયોનું રસપાન કરી શકે તેવી વ્યવસ્થા લાયબ્રેરીમાં ગોઠવાઈ તે આનંદનો વિષય છે.

અંતે, માનનીય મુખ્યમંત્રીશ્રીના શબ્દોથી મારી વાત પૂર્ણ કરીશ. "આપણે જ્ઞાનશકિત, જળશકિત, ઉર્જાશકિત, જનશકિત અને રક્ષાશકિત એમ પાંચેય શકિતનો સમન્વય સાધીને અમૃતનું નિર્માણ કરવાનું છે. જે સમાજ આ પંચામૃતનું પાન કરે તે સમાજનો વિકાસ ચિરંજીવ બન્યા વિના રહે નહી"

૩૦ એપ્રિલ, ૨૦૧૧

બી. એ. પ્રજાપતિ
કુલપતિ



**Date:** April 17th 2011
**Venue:** Convention Hall, Veer Narmad South Gujarat University
**Participants:** Students and Faculties from all Colleges in South Gujarat
Attendance: Surat - 464, Navsari - 134, Bharuch - 119, Valsad - 146, Tapi - 56, Narmada - 16, University Department - 93, Total - 1028



The training was inaugurated by the Hon'ble Vice Chancellor, Veer Narmad South Gujarat University, Prof B.A.Prajapati in the presence of other dignitaries Prof. A.K.Singh, Convener, KCG, was Guest of Honour. Mr. J.R. Mehta welcomed the address.



Prof. Singh's opening remarks set the tone by laying stress on the need to update one's knowledge and skills to suit the requirements of the current world. He also encouraged students to grab the opportunities offered by the Government of Gujarat through its various initiatives and attain prestigious positions in their career.





In his presidential address Prof Prajapati threw light on the changing economic scenario in the world and emphasized that students should stay tuned with current trends. He complimented the passing students for attending this training in large numbers with enthusiasm. Dr.Hemali Desai proposed the vote of thanks.





**Technical Session 1: Overview of Employment Scenario in Gujarat**

Principal Dr. Gopal Bhatt, State Coordinator, UDISHA oriented the students on the need for self development and personality development in order to adapt to the increasingly competitive world.



Dr.Nandini Karman, Director(I[r), Extension, KCG threw light on India as a BRIC economy and on the growing employment needs of the sectors that are of relevance to economy of Gujarat. She also highlighted the growing success of the Vibrant Gujarat Global Investors Summit and that students of Gujarat h4yi several openings and prospects.



**Technical Session 2: CV Writing and Facing Interviews**

Mr. Shailesh Thakkar, joint CEO, SCOPE listed out a number of practical and relevant tips with respect to applying for jobs and facing interviews. He also showed the participants a film related to grooming,etiquette and its role in the corporate culture.



**Technical Session 3: Soft Skills I -Communications**

Ms. Malti Mehta, Co-ordinator UDISHA covered the relevance of communication, verbal and non-verbal and role of communication in inter personal skills.


**Technical Session 3: Grooming and Etiquette**

Ms.Malti Mehta and Mr.Shailesh Thakkar broughtout certain critical aspects of grooming and etiquette which are often over-looked but which play a part in career building.




**Technical Session 4: Life Skills: Positive Attitude and Self Confidence**

Mr.Bhargav Parekh, HR Department, Transpek Industries stressed upon certain fundamental values in life that playa crucial tole in stAying positive and moving ahead . Several motivational quotes and references to great thinkers like Swami Vivekananda, Raman Maharishi and Sri Aurbindo were made. This was concluded with certain befitting films on the changing world scenario and the role of education and values in building a sound career in life.




Placement Fair: An official from the Directorate of Labour and Development addressed the students and informed them about the-Placement job Fair organized jointly with the Office of the Collector,Surat on 19th and 20th April at Surat and Kadoclara respectively.




Students Feedback. The students were invited to participate and take advantage of this opportunity. The programme concluded with the feedback from students in writing and verbally. They showed over-whelming response to the one day training programme and thanked the Government for its efforts in ensuring better employability alongwith education.

## સ્વર્ણિમ ગુજરાત : જ્ઞાન શક્તિ



ગુજરાત રાજયની સુવર્ણ જયંતીની ઊજવણીના સમાપન અવસરના ભાગરૂપે ''જ્ઞાનશકિત, યુવાશકિત અને વિકાસ'' વિષય ઉપર તા. ૨૧-૪-૨૦૧૧ના રોજ સંમેલન યોજાઈ ગયું. શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ગુ.રા.શા.પા.પુ.મંડળ, નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેકટર કચેરી, સુરત. જિલ્લા પંચાયત, સુરત, વાંચે ગુજરાત રાજય સમિતિના ઉપક્રમે



'જ્ઞાનશકિત ઉત્સવ' ઈન્ડોર સ્ટેડિયમ, સુરત અને સાયન્સ સિટી, સુરત ખાતે યોજાઈ ગયો. જ્ઞાન શકિત ઉત્સવને ખૂલ્લો મૂકતાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, 'છેલ્લા એક દાયકામાં ગુજરાતમાં વિકાસ માટે જનશકિત, રક્ષાશકિત, જળશકિત, જ્ઞાનશકિત અને ઊર્જાશકિત એમ પંચમાર્ગીય પ્રયાસ કરાયાં છે. તેનાથી રાજય આજે અદ્વિતિય પ્રગતિ કરી શકયું છે. જ્ઞાનશકિત એ તમામ શકિતઓની ઉપર છે. ગુજરાતની આવતી કાલ જ્ઞાનવાન અને એ માટેની મથામણ કરાઈ રહી છે. હવે ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે ત્યારે સદા લક્ષ્મીજીના ઉપાસક ગણાતા ગુજરાતીઓ હવે સરસ્વતીના સાધક પણ બને. વિકાસ કેવી રીતે કરાય છે તે ગુજરાતે છેલ્લાં દસ વર્ષમાં સિધ્ધ કરી બતાવ્યું છે. જ્ઞાન, જળ, રક્ષા, જન અને ઉર્જા એમ

પાંચ શકિતઓની દિશામાં કરાયેલા પ્રયાસના સરવાળાએ આજે ગુજરાતને આગળ મૂકયું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વિશ્વકક્ષાનું યુથ ઈન્કયુબેશન સેન્ટર, કૌશલ્ય સંવર્ધન માટે 'સ્કીલ વાઉચર સ્કીમ, ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન, રક્ષા યુનિવર્સિટી અને ચિલ્ડ્રન યુનિવર્સિટીની ચર્ચા કરી હતી.



મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમ બાદ ઈન્ડોર સ્ટેડિયમમાં ડૉ. ભગવતીકુમાર શર્મા, જય વસાવડા, જી.નારાયણ, અમિતાભ શાહ, રેણુ પોખરણા, કાનન ધ્રૂવ વગેરેનાં વકતાઓનું આયોજન થયું હતું.



સિટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર ખાતે રાજયની યુનિવર્સિટીઓના શૈક્ષણિક કાર્યાક્રમોનું આયોજન તા. ૨૧-૪-૨૦૧૧ થી ૨૪-૪-૨૦૧૧ દરમ્યાન યોજાઈ ગયું હતું.




તદુપરાંત રાજય સરકારના વાંચે ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ૨૪-૪-૨૦૧૧ના રોજ સવારના ૯ થી ૪ દરમ્યાન ગ્રંથદાન અભિયાન સુરત શહેરમાં યોજાઈ ગયું. જેમાં ૮૨૪૧૭ પુસ્તકો દાન સ્વરૂપે મેળવવામાં આવ્યાં હતાં. આ તમામ પુસ્તકો યુનિવર્સિટી ખાતે સંગૃહિત






છે. જેને સુરત, નવસારી તથા વાપી જિલ્લાના વિવિધ ગામડાઓમાં શરૂઆતમાં ૫૦૦ પુસ્તકોથી શરૂ થાય એવા ગ્રંથમંદિર બનાવવા માટે આપવામાં આવશે.



આ સફળ કાર્યક્રમમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રીઓ અને સ્વયંસેવકો જોડાયા હતા.



## યુ.જી.સી.

૫ સુરતની ઓળખ બની રહેલા ટેક્ષટાઈલ ઉદ્યોગ દ્વારા ફેલાતા પ્રદુષણ ઉપર સંશોધન અને કામગીરી માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન તરફથી સ્પેશિયલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ હેઠળ રૂા. ૮૦ લાખ જેટલી માતબર રકમની ગ્રાન્ટ મળી છે. આ માટે યુ.જી.સી. દ્વારા ગ્રાન્ટની રકમનો પ્રથમ રૂા. ૪૦ લોનનો હપ્તો મળી પણ ગયો છે. જયારે બાકીની રકમ પણ ટૂંક સમયમાં મળી જશે.

યુ.જી.સી. દ્વારા દેશની તમામ યુનિવર્સિટીઓના ડિપાર્ટમેન્ટો પાસે એસ.એ.પી. હેઠળ દરખાસ્ત મંગાવવામાં આવી હતી. જેની ઉપર એક એકસ્પર્ટ કમિટી દ્વારા ચર્ચા વિચારણા થતી હોય છે. જેમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ટેક્ષટાઈલ ઉદ્યોગ દ્વારા ફેલાતા પ્રદુષણ ઉપર કામ કરવા માટે રૂા. ૮૦ લાખની ગ્રાન્ટ ફાળવી અપાઈ છે.

બાયોસાયન્સ વિભાગે આ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૧ થી૨૦૧૬ ઉપયોગ કરવાનો રહેશે. આ ગ્રાન્ટમાંથી વિભાગ જરૂરિયાત મુજબનાં સાધનોની ખરીદી કરી શકાશે. તથા રિસર્ચ આસિસ્ટન્ટસ પણ રોકી શકશે.

૫ ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર સાયન્સને યુ.જી.સી. ની સ્પેશીયલ આસીસટન્ટ પ્રોગ્રામ અંતર્ગત SPA-DRS-1 ડિપાર્ટમેન્ટ તરીકેની માન્યતા પ્રાપ્ત થયેલ છે. આ પ્રોગ્રામ અંતર્ગત ડિપાર્ટમેન્ટને 'ગુજરાતી ગ્રામર પ્રોસેસીંગ અને ડેટા માઈનીંગ' થીમ માટે માન્યતા પ્રાપ્ત થયેલ છે. ડિપાર્ટમેન્ટને યુ.જી.સી. તરફથી રૂા. ૨૩.૫૦ લાખ ની ગ્રાન્ટ માટે મળશે. વર્ષ ૨૦૧૧ થી શરૂ થતા આ પ્રોગ્રામમાં દેશના ૭ કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટને SPA માન્યતા મળેલ છે.

## આર્કિટેકટ કાઉન્સિલ : નિરીક્ષણ



ભરથાણાના શ્રી રાજુભાઈ ગીજુભાઈ પટેલ દ્વારા શ્રી ગીજુભાઈ છગનભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓર્કિટેકચરના ભવન માટે રૂા. ૧ કરોડ ૫૧ લાખના અંદાજિત ખર્ચથી તૈયાર થઈ રહયું છે. આર્કિટેકચર કાઉન્સિલની એક્ષપર્ટ કમિટિએ તા. ૨૬-૪-૨૦૧૧ના રોજ નિરીક્ષણ કર્યું હતું.



જેમાં યુનિવર્સિટી દ્વારા બેચલર ઓફ આર્કિટેકચરના અભ્યાસક્રમની ૧૨૦ બેઠકો માટેની વ્યવસ્થાઓ તથા વ્યવસ્થાપનનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ૧૨૦ બેઠકો પૈકી ૪૦ બેઠક આર્કિટેકચર, ૪૦ બેઠક કન્સ્ટ્રકશન પ્લાનિંગ અને ટેકનોલોજી તથા ૪૦ બેઠક ઈન્ટિરિયર ડિઝાઈનીંગનો સમાવેશ થાય છે. દક્ષિણ ગુજરાતમાં સ્કેટ સિવાય અન્ય કોઈપણ સ્થળે આર્કિટેકચરનો અભ્યાસક્રમ ઉપલબ્ધ નથી. જેથી યુનિવર્સિટી દ્વારા આ અભ્યાસક્રમને પ્રથમ અગ્રીમતા આપવામાં આવેલ છે. યુનિવર્સિટી પરિસરનું આ નવપ્રસ્થાન સંભવતઃ જૂન-૨૦૧૧ થી શરૂ કરવામાં આવશે. આર્કિટેકચર કાઉન્સિલની એક્ષપર્ટ કમિટિમાં પૂણેના પ્રો. રવિન્દ્ર પુંડલિક દેશમુખ તથા નાસિકના આર્કિટેક શ્રી અરૂણ ડાબરેનો સમાવેશ થાય છે.






## એન.સી.ટી.ઈ. : નિરીક્ષણ

યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં એમ.એડ્. સ્વનિર્ભર કોર્સ શરૂ કરવા માટે, શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા એન.સી.ટી.ઈ. ભોપાલમાં પ્રપોઝલ મૂકી હતી. આ શિક્ષક પ્રશિક્ષણની સંસ્થા ભોપાલ, મૂકેલી પ્રપોઝલ માટે, સ્થળ તપાસ કરવા, બહારના રાજયના તજજ્ઞની ટીમ મોકલી તેનું ઈન્સ્પેકશન કરાવે છે. શિક્ષણ વિભાગના સ્વનિર્ભર એમ.એડ્. કોર્સ માટે શિક્ષણ વિભાગમાં તા. ૧૭-૪-૧૧ના રોજ ઈન્સ્પેકશન અર્થે ટીમ આવી ગઈ. આ ટીમમાં બે સભ્યો હતા જેમાં એસ.કે. મંગલ (કન્વીનર) તથા પ્રો. રાયજાદા હતા. તેઓ બન્ને એ તા. ૧૭-૪-૧૧ ના રોજ શિક્ષણ વિભાગમાં આવી આખો દિવસ ઈન્સ્પેકશન કર્યું હતું. તે સમયે વિભાગના ટીચિંગ, નોન ટીચિંગ સભ્યો હાજર રહયા હતા.


## ગ્રંથાલયમાં પાવન પગલાં




કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના પ્રયાસ થકી ગીતા પ્રેસ ગોરખપુર, સુરત શાખાના ગૌભકત ધર્મપ્રેમીઓ તરફથી ગીતા પ્રેસ ગોરખપુરના હિન્દુ સનાતન ધર્મના ૮૨૩ ગ્રંથો અને બે બુક કેશ યુનિવર્સિટી ગ્રંથાલયને ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.



યુનિવર્સિટી ગ્રંથાલયમાં નવચરિત 'ગીતા પ્રેસ ગોરખપુર સાહિત્ય કોર્નર'નું અખાત્રીજ, તા. ૬-૫-૨૦૧૧ના રોજ સાંજના ૫.૩૦ કલાકે ઉદ્ઘાટન ભાગવત-ભૂષણ પૂજય શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે શ્રી ગોવિંદભાઈ ધોળકીયા અને શ્રી વિનોદભાઈ કાંસોદરિયા અને સમારંભના અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ ઉપસ્થિત રહયા હતા.



યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત સમયે ભાગવત-ભૂષણ પૂજય શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી)એ ગ્રંથાલયમાં ૩૦ મિનિટ સુધી સંગૃહિત વિવિધ ૩૩ સ્વતંત્ર ગ્રંથ સંગ્રહોને નિહાળી આનંદ વ્યકત કર્યો હતો. જે પૈકી સંત કબીર, આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી કૃત ગ્રંથો, સેન્સસ, પૂ.મોટાના ગ્રંથોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયાએ ગ્રંથાલયના વિવિધ સ્વતંત્ર ગ્રંથસંગ્રહો અને સેવાઓની માહિતી પૂરી પાડી હતી.




આ પ્રસંગે યુનિવર્સિટીના સેનેટ હોલમાં યુનિવર્સિટી પરિવાર સમક્ષ પ્રવચન આપતાં ભાગવત-ભૂષણ પૂજય શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી)એ જણાવ્યું હતું કે, વિશ્વવિદ્યાલયો અને વ્યાસપીઠ જ્ઞાનની પરબો છે. આ પરબો નાત-જાત જોતી નથી. ફકત તરસ્યાને જ્ઞાન પૂરું પાડે છે. તરસ જેની પાસે હોય તેને જ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મળવો જોઈએ. જાણવાની ઈચ્છા એટલે જિજ્ઞાસા. મરે ત્યાં સુધી માણસ જિજ્ઞાસુ રહે છે. વિદ્યા પરા અને અપરા છે.



આજે અક્ષયતૃતીયાના દિવસે મારે મન આનંદનો વિષય છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગીતા પ્રેસ ગોરખપુરનાં ધાર્મિક ગ્રંથોને જિજ્ઞાસુઓ માટે મારે હસ્તે ખૂલ્લાં મૂકવામાં આવ્યાં. મૂર્તિને માત્ર ગોઠવવાની નથી પણ પ્રત્યેક વિદ્યાર્થીમાં જો વિદ્યાનું પ્રતિષ્ઠાન કરવાનું હશે તો અધ્યાત્મગ્રંથોની આવશ્યકતા પડે છે. આતંકવાદને નાબૂદ કરવા માટે અધ્યાત્મની જરૂર પડે છે. વ્યાસપીઠો કે વિશ્વવિદ્યાલયો પર દેશના વિકાસનું કર્તવ્ય રહેલું છે. પોતાની વિદ્યાશાખામાં વિદ્યાર્થી પ્રતિભાવંત હોય પણ સાથે સાથે અધ્યાત્મમાં પણ પ્રતિભાવંત થવું પડે. ગ્રંથાલયમાં આજે જે ગીતા પ્રેસ ગોરખપુરનાં ધાર્મિક ગ્રંથોના સાહિત્ય કોર્નરનો શુભારંભ કરવામાં આવ્યો છે તેનો વિદ્યાર્થીઓ વધુને વધુ ઉપયોગ કરે તે ઈચ્છનીય છે.



યુનિવર્સિટી પરિસર વિષે પૂજય શ્રી રમેશભાઈ ઓઝાએ જણાવ્યું કે, પરિસર ખૂબ જ સુંદર છે અને તે માટેનો પરિશ્રમ પણ ખૂબ જ સુંદર છે. યુનિવર્સિટીના વિકાસને સમર્પિત એવા દ્રષ્ટિવંત કુલપતિ હોય ત્યારે વિશ્વવિદ્યાલય પ્રગતિ કરે જ. શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ પણ ગ્રંથાલયમાં પુસ્તકો સંગ્રહવા માટેના અદ્યતન બુક કેશ દાન આપવા માટે જે વિચાર કુલપતિશ્રી સમક્ષ રજુ કર્યો છે તે અભિનંદનને પાત્ર છે. મારે ભારતને એક જબરદસ્ત સક્ષમતાના દેશ તરીકે જોવો છે. આ સંભાવનાઓને પ્રગટ કરવા માટે વિશ્વવિદ્યાલયો, તેના વહીવટકર્તાઓ અને અધ્યાત્મવાદ જ કામ આવશે. ભારતના



વિકાસમાં ગતિ આવે એવી પરમાત્માને પ્રાર્થના. ગ્રંથાલય એ તપનું સાધન છે, તપોભૂમિ છે. શ્રમ હોય અને પ્રેમ હોય તેને જ વિશ્વવિદ્યાલય ગ્રંથાલય કહી શકાય. વિદ્યા એ સાધના હોવી જોઈએ. મને વિશ્વાસ છે કે વીર નર્મદના નામ સાથે સંકળાયેલી આ યુનિવર્સિટીના વિદ્યાથીઓમાં તેજસ્વિતા પ્રગટે. અહીંથી જે નીકળે તે મહાસગરનો મત્સ્ય હોવો જોઈએ. કયાંય સંકીર્ણતા ન હોવી જોઈએ. મારી ખૂબ ખૂબ પ્રસન્નતા સાથે કહું છું કે જયાંથી જે કાંઈ માત્ર સારું અને કલ્યાણકારી મળે તે અમને પ્રાપ્ત થાઓ. ગ્રંથાલયના આ નવીન સાહિત્ય કોર્નરના ગ્રંથો ખૂબ જ મેલાં થશે તો તેનો મને સવિશેષ આનંદ થશે. આ ગ્રંથોને ગૌરવ થવું જોઈએ કે અમે ફાટી ગયાં છીએ.



આ પ્રસંગે શ્રી રમેશભાઈ ઓઝાએ સત સાહિત્યના ગ્રંથોને યુનિવર્સિટી ગ્રંથાલયમાં ભેટ આપવા ઘોષણા કરી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી કિરીટસિંહ વાંસદિયા, શ્રી દિપકભાઈ આફ્રિકાવાળા, પ્રિ. ડૉ. કિશોરસિંહ ચાવડા, વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી પ્રિ. ડૉ. જગદીશ ગૂર્જર, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી પરિવાર, શ્રી બાલુકાકા, શ્રી રામજીભાઈ ચાંડક, શ્રી ભરતભાઈ શાહ અને ગીતા પ્રેસ ગોરખપુર, સુરત શાખા, ભટારના ગૌભક્તો ઉપસ્થિત રહ્યા હતા.




આ પ્રસંગે શ્રી રમેશભાઈ ચાંડક તરફથી ભાગવત-ભૂષણ પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ને ગ્રંથ અને મિમેન્ટો તથા કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ તથા શ્રી ગોવિંદભાઈ ધોળકિયા અને શ્રી વિનોદભાઈ કાસોદરિયાને ગ્રંથ અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિએ ભાગવત-ભૂષણ પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)નું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું.




ગીતા પ્રેસ ગોરખપુરના ગ્રંથોને યુનિવર્સિટી ગ્રંથાલયને ભેટ સ્વરૂપે પ્રદાન કરવામાં શ્રી બાલુકાકાનો સંકલ્પ પૂર્ણ થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા, સુરત દ્વારા 'આચાર્યશ્રી મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર'નું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના વરદ હસ્તે તા. ૧૭-૯-૨૦૦૯ના રોજ આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીનાં સુશિષ્યા સાધ્વી સુમનજીશ્રીના સાન્નિધ્યમાં કરવામાં આવ્યું હતું. ગ્રંથોની પ્રાપ્તિમાં પણ શ્રી બાલુકાકાનો સહયોગ પ્રશંસનીય રહ્યો હતો. ગીતા પ્રેસ ગોરખપુર સાહિત્ય કોર્નરની સાથે જ છેલ્લા અઢી વર્ષ દરમ્યાન યુનિવર્સિટી ગ્રંથાલયમાં ૩૫ સ્વતંત્ર ગ્રંથ સંગ્રહો તૈયાર થયેલ છે.

કાર્યક્રમનું સંચાલન શ્રી કપિલદેવ શુકલે કર્યું હતું.

## ભેટ ગ્રંથો

કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના પ્રયાસ થકી ઉદયપુર સ્થિત ધર્મદર્શન સેવા સંસ્થાન તરફથી યુનિવર્સિટી ગ્રંથાલયને જૈન ધર્મના ૧૩૨ ગ્રંથો પ્રાપ્ત થયેલ છે.

## સ્વર્ણિમ ગુજરાત : રોશની પર્વ





સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટી અને અનુસ્નાતક વિભાગોમાં રોશની કરવામાં આવી હતી.



## વિદ્યાર્થી સંમેલન

યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગમાં તા. ૨૫-૪-૨૦૧૧ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન ડિપાર્ટમેન્ટના પૂર્વ વડાશ્રી Dr. N.L. Kalathiaના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયું, જેનું વેબકાસ્ટ દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સને ૧૯૮૮ થી ૨૦૧૧ સુધીના ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ અધ્યાપકો તથા Dr. Ratani એ ભાગ લીધો હતો. ડિપાર્ટમેન્ટના વડા ડૉ. અપૂર્વ દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું, તથા ડિપાર્ટમેન્ટનો પ્રગતિ અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આ પ્રસંગે સંસ્મરણો રજુ કરતાં વિદ્યાર્થીઓને સૂચનો કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં મોક ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું અને એલમ્ની કમિટિની સ્થાપના કરવામાં આવી હતી.

## વિદાય




ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના B.L.I.Sc. અને M.L.I.Sc. (Part - Time) -1, ના વિદ્યાર્થીઓ દ્વારા M.L.I.Sc. (Part - Time) -2ના વિદ્યાર્થીઓને LISSAના ઉપક્રમે વિદાય આપવામાં આવી. આ પ્રસંગે મુલાકાતી અધ્યાપકો અને કો-ઓર્ડિનેટરશ્રી બી. જે. અંકુયા દ્વારા વિદ્યાર્થીઓને આશિષ આપવામાં

આવ્યા હતા.

વિદાય લેતા વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયને રૂા. ૧૬૦૦નું ડિજીટલ ઘડિયાળ સ્મૃતિ રૂપે ભેટ આપવામાં આવ્યું હતું.

## U.G.C. O.P., R.C. AND S.T.COURSES: 2011-12

UGC - Academic Staff Colleges Refresher Courses:

**1. Andhra University, Waltair, Visakhapatnam:** 1. Commerce & Management (ID), 2. Earth Sciences (ID),3. Education (Physical Education & Psychology),4. Environmental Sciences (ID), 5. Human Rights (ID), 6. Language & Literature (ID), 7. Life Sciences (ID), 8. Major Concern in Social Sciences (ID), 9. Marine Sciences (ID), 10. Women Studies (ID)

**2. Hyderabad University,Hyderabad:**1. Chemistry,2. Computer Science / IT Applications,3. English,4. Hindi,5. Life Sciences,6. Management Studies,7. Mathematics,8. Physics / Experimental Physics,9. Research Methodology,10. Social Sciences (ID)

**3. Osmania University,Hyderabad :**1. Chemistry,2. Environmental Studies (ID),3. Economics,4. Electronics,5. English,6. History 7. Information Technology. (ID),8. Library & Information Science,9. Life Sciences 10. Mathematics & Statistics,11. Political Science & Public Administration 12. Research Methodology in Social Sciences, Arts, Commerce & Business Management,13. Social Exclusion and Inclusive Policies (ID),14. Telugu

**4. Sri Venkateswara University, Tirupati:**1. Botany,2. Chemistry,3. Commerce,4. Economics,5. English,6. Environmental Studies 7. Information Technology,8. Micro biology,9. Mathematics,10. Physics,11. physical Education 12. Research Methodology,13. Telugu,14. Zoology

**5.Jawaharlal Nehru Technological University, Kukatpally, Hyderabad:**1. Biotechnology,2. Chemical Engineering,3. Chemistry,4. Computer science & Computer Engineering, 5. ECE,6. Management,7. Mechanical Engineering,8. Physics,2 More subject Specific Refresher Courses

**6. Maulana Azad National Urdu University, Gachibowli, Hyderabad:**1. Commerce & Management,2. Distance Education,3. Education,4. English,5. Environmental Studies,6. Hindi,7. IT & Computer Applications,8. Public Administration / Human Resource Management,9. Research Methodology in Humanities,10. Social Work,11. Urdu,12. Women Studies,13. History

**7. Gauhati University,Gopinath Bardoloi Nagar, Guwahati:**1. Assamese,2. Chemistry,3. Economics,4. English,5. Environmental Studies (ID) 6. Geography,7. History,8. Mass Communication (ID),9. Physics,10. Political Science 11. Sanskrit,12. Women Studies (ID),13. Research Methodology in Social Sciences / Humanities

**8. B.R. Ambedkar University Muzaffarpur:** 1. Chemistry,2. Commerce,3. Economics,4. English,5. History,6. Mathematics,7. Philosophy 8. Political Science,9. Sanskrit,10. Urdu & Persian,11. Zoology

**9. Patna University,Patna:**1. Earth Science (Geography and Geology), 2. Economics and Commerce, 3. Environment Science (Botany and Zoology),4. History (Modern and Ancient),5. Information Technology & e- - Learning,6. Philosophy,7. Political Science,8. Psychology,9. Sanskrit,10. Social Work (PMIR and LSW),11. Sociology

**10. Pt. Ravishankar Shukla University, Raipur(Chhatisgarh)**: 1. Chemistry,2. Commerce,3. Computer Science,4. Education,5. English,6. Hindi,7. History 8. Library Science,9. Life Sciences,10. Physical Science,11. Physics,12. Psychology,13. Sociology

**11. Guru Ghasidas University,Bilaspur (Chhatishgarh):**1. Education,2. English,3. Forestry and Environmental, Science (ID),4. ICT Application (ID) 5. Mathematics,6. Microbial Technology and Bio-Informatics (ID),7. Research Methodology in Social Sciences,3 More subject specific Refresher Courses.

**12. University of Delhi, Delhi:**1. Chemistry,2. Commerce and Financial Management & Business Studies,/ Business Management,3. Education (ID),4. Economics,5. English,6. Literature, Journalism & Media (German & Roman Studies, Modern India Language),7. Library & Information Science 8. Life Science / Biological Science / Bio-Informatics,9. Mathematics & Operational Research /Computer Science,10. Music & Fine Arts,11. Physics and Electronics,12. Political Science and International Relations,13. Psychology, Counseling and Social Work,14. Research Methodology (a) Social Science (b) Science (c) Humanities,15. Gender Studies (ID)

**13.Jamia Millia Islamia, New Delhi:**1. Basic Science (ID),2. Commerce & Business Management,3. Comparative Literature (ID) 4. Economics,5. Education,6. English,7. Fine Arts,8. Geography & Environmental Studies 9. History,10. Human Rights & Social Inclusion (ID),11. Peace & Conflict Studies (ID) 12. West Asian Studies (ID)

**14. Jawaharlal Nehru University,New Delhi:**1. Biotechnology,2. Computer Science & Information Technology,3. Economics,4. Environmental Science,5. Foreign Language,6. History,7. Life Science,8. Physics,9. Political Science,10. Sociology

**15. Goa University,Goa:**1. Biotechnology & Bioinformatics,2. Commerce,3. Computer Science,4. Environmental Sciences (ID),5. Languages (ID),6. Library Sciences,7. Life Sciences (ID),8. Mathematics,9. Physical Education,10. Social Sciences (ID)

**16. Gujarat University, Ahmedabad:**1. Commerce,2. Comparative Literature (All Languages),3. Computer,4. Education,5. Environmental Studies (MD/All Languages),6. Hindi,7. Human Rights (Law, Political Science & Social Science),8. Information & Communication Technology Application (MD/ All Language 9. Library Science,10. Research Methodology (Social Sciences),11. Research Methodology In Humanities

**17. Saurashtra University,Rajkot:**1. Comparative Literature English Modern Indian Language Pedagogy,2. Computer Proficiency (MD),3. Educational System (MD),4. Environment Education (ID),5. Library & Information Science

6. Performing Arts,7. Physical Education,8. Education,9. Value & Peace and Quality Education (MD),1 more in subject specific Refresher Courses

**18. Sardar Patel University,Vallabh Vidyanagar:**1. Agricultural Science (MD),2. Bio –Science (ID),3. Commerce & Management (ID),4. Computer Science,5. Economics,6. Educational Technology(MD),7. Gender Studies (MD),8. ICI Applications (MD),9. Indological Studies (MD),10. Mathematical Science(ID),11. Recent Theories in Literary Criticism (ID),12. Research Methodology in Sciences (MD)

**19.Kurukshetra University,Kurukshetra:**1. Business Studies (Commerce/Tourism/ Management/Economics, 2. Chemistry, 3. Education 4. English,5. Geography,6. History,7. Information Technology (Physics/Computer Science/Electronics/Engineering/Instrumentation etc.),8. Law,9. Library & Information Science 10. Mathematics and Statistics,11. Physical Education,12. Political Science and Public Administration,13. Psychology,14. Research Methodology

**20. Guru Jambheshwar University of Science & Technology,Hisar:**1. Business Studies (Commerce, Management, Economics Tourism),2. Computer and Engineering Science,3. Engineering Issue in Educational Technology (ID for all streams) 4. Information Technology (ID for all streams),5. Life Sciences (Botany, Zoology, Biotechnology Microbiology & Biochemistry),6. Major Concern in Social Sciences (ID for all Social Science stream),7. Nano Bio & Environmental all Science (ID),8. Research Methodology (ID for all streams),2 more subject specific Refresher Courses

**21. BPS Mahila Vishwavidyalaya,Khanpur Kalan, Sonipat (Haryana):**1. Business Studies Commerce /Management Tourism/Economics),2. Education 3. English,4. Information Technology (ID),5. Law,6. Math's,7. Research Methodology 8. Women Studies (ID),2 More subject specific Refresher Courses in Science and Social Science

**22. Himachal Pradesh University,Shimla:**1. Chemistry,2. Commerce & Management,3. Economics,4. Education,5. English,6. Environmental Sciences (ID),7. Geography,8. Hindi,9. IT (ID),10. Life Sciences 11. Mathematics & statistics,12. Physics,13. Political Science,14. Research Methodology for Social Sciences (ID),15. Sanskrit

**23. Ranchi University,Ranchi:**1. Applied Mathematics & Physics,2. Business Studies,3. Computer Science and Application 4. Contemporary Research Methodology in Social Science,(all subject for Social science stream) 5. Environmental Studies (all streams),6. Experimental Physics,7. Financial Management (Commerce, Management and Economics),8. Hindi,9. History &Cultural Studies,10. Information Technology,,11. Life Science (Botany, Chemistry and Zoology),12. Linguistics,13. Political Science,14. Applied Social Sciences,15. Women Studies

**24 University of Jammu, Jammu Tawi:**1. Behavioral Sciences (ID,2. Chemistry,3. Computer Science & Information Techy. (ID) 4. Earth & Atmosphere Sciences,5. Environmental Sciences (ID),6. Law,7. Home Science 8. Library & Information Science,9. Social Science,10. Life Sciences (Botany & Zoology) 11. Physics,12. Political Science,13. Strategic Studies

**25. Kashmir University, Srinagar:**1. Arabic, Persian & Islamic Studies,2. Computer Application (ID),3. Economics/Commerce / Management Studies(ID),4. Education &Psychology,5. Human Rights & Humanitarian Laws (ID) 6. Library & Information Science,7. Indian Languages (ID),8. Research Methodology (Science) 9. Research Methodology (Social Science & Humanities ) (ID),10. Women Studies (ID) 11. Recent ideas Languages Literature (ID)

**26.University of Bangalore, Bangalore:**1. Chemistry,2. Commerce and Management,3. Education (ID) Education, Physical Education & Psychology),4. English,5. Information and Communication Technology (ICT) (MD) 6. Library and Information science, Computer Science, Sciences & Humanities) 7. Kannada,8. Life Science (ID) (Botany, Zoology, Biotechnology, Sericulture, Microbiology Genetics Biochemistry & Agricultural Sciences),9. Major Concern in Social Sciences(ID) (History, Economics, Political,Science, Sociology, Philosophy and Social Work) 10. Mass Communication Journalism and Electronic media,11. Maths. and Statistics 12. Physics

**27. Karnataka University, Dharwad:**1. Specific Refresher Courses in Science Subject,2. Business Studies for Teachers in Management, Commerce & Economics),3. Education,4. ICT Applications In Teaching (MD) 5. Recent trending & Literature and Languages (ID),6. Library Science,7. Major Concern in Social Sciences (ID),8. Research Methodology (MD),9. Physical Education,10. Women Studies (MD)

**28. Mysore University,Mysore:**1. Commerce & Management,2. Economics,3. History,4. Human Rights (ID),5. Indian Literature 6. Kannada,7. Library & Information Science,8. Life Sciences (ID), 9. Materials Science (ID) 10. Mathematical Science (ID),11. Physical Education

**29. Calicut University, Calicut:**1. Arabic Language and Literature,2. Business Studies (Economics, Commerce and Management, TravelTourism, Business Administration)3. Comparative Literature (ID) 4. Computer Applications (Mathematics, Statistics, Economics, Computer Science, Commerce and Management (ID),5. Culture Studies (History, Anthropology, Malayalam, Folklore and Performing Arts),6. Education Technology (Physical Education, Education and Psychology) 7. Environmental Studies ID),8. Human Right (ID),9. Malayalam and Kerala studies (Malayalam & History),10. Life sciences (ID) (Botany, Zoology, Biotechnology, Microbiology Genetics, Biochemistry and Agricultural Sciences),11. Mathematics and Statistics 12. Nano – science (Physics, Chemistry, Nano Science),13. Physical Education 14. Research Methodology in Science,15. Sociology and Social Work

**30. University of Kerala,Trivandrum:**1. Chemistry,2. Computer Science,3. Economics,4. Education,5. English,6. Hindi,7. History 8. Library Science,9. Life Sciences,10. Malayalam,11. Mathematics,12.

Physics,13. Sanskrit 14. Statistics and Research Methods,15. Women's Studies

**31. Kannur University,Kannur:**1. Comparative Literature,2. English,3. Environmental Science,4. I.T. (ID),5. Physical Education 6. Physics,7. Social Science,8. Research Methodology,2 more Subject specific Refresher Courses to be organized

**32. Devi Ahilya Vishwavidyalaya, Indore:**1. Computer Application,2. Chemistry,3. Environmental Education,4. Language & Literature 5. Library & Information Science,6. Life Science,7. Management,8. Economics & Policy (Economics/ Commerce),2 more subject specific Refresher Courses to be organized

**33. Dr. H.S. Gaur University, Sagar:**1. Anthropology,2. Applied Geology,3. Ancient Indian History,4. Computer Application 5. Commerce,6. Communication & Journalism,7. Economics,8. Geography,9. History 1 More Refresher Courses in Specific Subject

**34. Rani Durgavati Vishwavidyalaya, Jabalpur:**1. Business Studies (ID),2. Education,3. Hindi,4. History,5. Homeopathy,6. ICT(MD) 7. Life Sciences,8. Physics,9. Political Science,10. Research Methodology (ID) 11. Sociology,12. Women's Studies

**35. Laxmibai National Institute of Physical Education, Gwalior:**1. Physical Education

**36. Dr. Babasaheb Ambedkar Marathwada University,Aurangabad:**1. Commerce & Management Science (ID),2. Economics,3. Education & Psychology 4. English,5. Environmental Studies – 2,6. Geography /Tourism Administration,7. Hindi 8. History,9. Library & Information Science,10. Life Science (Botany, Zoology, Microbiology (MD) 11. Marathi,12. Physical Education,13. Physics/Computer Science /Electronic,14. Public Administration, Political Science & Law (MD),15. Research Methodology in Social Sciences

**37. University of Mumbai, Mumbai:**1. Accountancy,2. Biosciences,3. Chemistry,4. Commerce and Management 5. Economics,6. Education,7. English,8. Information and Communication Technology (ID) 9. Marathi,10. Physics,11. Social Sciences (ID),12. Statistics

**38.RTM Nagpur University,Nagpur:**1. Business Studies (ID) (Commerce / Economics Management),2. Education,3. English,4. Environmental Sciences (Science & humanities/Commerce),5. Home Science,6. I.T. Application (physics, Science / Maths / Statistics Electronics /,Computer Science),7. Library & Information Science,8. Life Science,9. Marathi,10. Physical Education,11. Social Science (Sociology /Social Work,Political Science / History),12. Visual & Fine Arts

**39.University of Pune,Pune:**1. Chemistry (2), 2. Commerce (2),3. Computer Application (2),4. Education,5. Environmental Science Education,6. Geology/Earth Science,7. Indian and Foreign Languages,8. Information Technology,9. Library Science,10. Life Science,11. Physics /Electronics, 12. Social Science

**40. Sant Gadge Baba Amravati University, Amravati (MS):**1. Chemistry (Chemistry, Analytical Chemistry, Industrial Chemistry,Petrochemical Science), 2. Commerce ( Accounts, Business, Management, Commerce, Economics)3. Computational Science (Mathematics, Physics, Statistics, (Including,Applied Mathematics & Electronics, Computer Science),4. English,5. Environmental Science (ID),6. Education & Physical Education 7. Home Science & Home Economics,8. I.T. (Information Technology),9. Indian Languages (Urdu, Sanskrit, Pali, Prakrit, Hindi),10. Law (Human Rights, Political Science),11. Life Science (Botany, Zoology, Environmental Science, Bio-Chemistry,,Bio-Tech, Micro-Biology),12. Music 13. Marathi,14. Social Science-I (Political Science, History, Anthropology, Library & Information Science, Psychology, Philosophy)

**41. Manipur University,Canchipur,Imphal:**1. Chemistry,2. Computer Science,3. Economics,4. English,5. Folklore,6. Hindi,7. History 8. Manipuri,9. Theatre and Performing Arts,1 More Subject Specific Refresher Courses

**42. North–Eastern Hill University,Shillong:**1. Biosciences & Biotechnology,2. Botany,3. Chemistry,4. Commerce,5. Economics,6. Education
7. English,8. Geography,9. Hindi,10. History,11. Library Science,12. Mathematics,13. Political Science,14. Sociology,15. Zoology

**43. Mizoram University,Tanhril, Aizawl:**1. Behavioral Science,2. Business Studies,3. Commerce,4. Earth Sciences,5. Economics, 6. Hindi, 7. History,8. Life Sciences,9. Natural Resource Management,10. Physical Science & Engineering Technology

**44. Utkal University Bhubaneshwar:**1. Agricultural Sciences,2. Ancient Indian History & Archaeology,3. Chemical Sciences,4. Commerce and Management,5. Economics and Human Development,6. English,7. Life Science 8. Library & Information Sciences,9. Mathematics & IT,10. Material Science,11. Pharmacy 12. Physics and Electronics,13. Psychology and Behavioral Science,14. Sociology and Gender Studies,15. Sanskrit

**45. Sambalpur University Sambalpur:**1. Education.2. Business Administration.3. Chemistry.4. Earth Science.5. Economics 6. English.7. Environmental Science.8. History.9. Human Rights (Law, Political Science & History) 10. ICT.11. Life Science.12. Mathematics & Statistics.13. Oriya.14. Physics.15. Political Science

**46. Pondicherry University,Pondicherry:**1. Business Studies (Management, Commerce, Economics Tourism Studies, Banking Technology, Accounting Cooperation Cooperator Secretary Ship and International Business) 2. Computer Science,3. Ecology & Environmental Science (ID),4. Education Technology & Mass Communication (ID),5. English,6. Food Science and Technology,7. Information Communication Technology (ICT) (ID),8. Life Science (Biochemistry & Molecular Biology Bioinformatics,Biotechnology, Zoology, Botany, Biology, Microbiology),9. Library & Information Science 10. Mathematics,11. Nano Technology & Green Technology,12. Psychology,13. Physical Education and Sports,14. Research Methods, Methodology & Statistics (ID),15. Social Science, Politics & International Studies(Anthropology,Sociology Social Work, History, Politics & International Studies, Arts&Cultural) (ID)

**47 Guru Nanak Dev University, Amritsar :** 1. Subject Specific Refresher Courses in Science 2. Commerce & Business Management 3. Computer Science 4. Economics 5. Education 6. English 7. Health &Life Sciences (Food Technology, Nutrition, Home Science Pharmaceutical, Sports Medicine, Physiotherapy Bio-Sciences) 8. Information Technology 9. Indian Classical Languages & Literature (Hindi, Urdu, Persian, Pali,Prakrit, Sanskrit and Religious studies) 10. Law and Human Right 11. Punjabi 12. Social Sciences (History, Sociology, Anthropology, Political Science Psychology, Philosophy, Public Administration) 13. Visual and Performing Arts (Fine Arts, Music, Dance, Sculpture)

**48 Panjab University,Chandigarh:**1. Biological Sciences 2. Classic & Modern Indian Languages 3. Commerce 4. Community Education 5. Defense (MD) 6. Distance Education 7. English 8. Environmental Awareness (ID) 9. Information Technology - 2(ID) 10. Physics 11. Research Methodology In Social Sciences

**49. Punjabi University,Patiala:**1. Subject Specific Refresher Courses in Science 2. Computer Application & IT (ID) 3. Education 4. English 5. Environmental Studies (ID) 6. Heath Sciences (Pharmacy, Physiotherapy and Sport Science) 7. Language Teaching Pedagogy (All Languages) 8. Life Sciences (Zoology, Biotechnology, Microbiology, Biochemistry and Human Biology) 9. Performing and Visual Arts 10. Physical Education 11. Political Science, Public Administration & Rural Development 12. Punjabi 13. Research Methodology in Social Sciences

**50. Jai Narain Vyas University Jodhpur:**1. Business Administration 2. Chemistry 3. Economics 4. Earth Science 5. Hindi 6. History 7. Home Science 8. Law 9. Mathematics 10. Philosophy (ID) 11. Physics 12. Political Science 13. Psychology 14. Sociology

**51. Rajasthan University Jaipur:**1. Advances in Mathematics 2. Behavioral Sciences 3. Botany 4. Business Management 5. Chemistry 6. Education & Teaching Pedagogy 7. Environmental Studies 8. Gandhian Studies 9. Gender Studies 10. Hindi / Indian Languages 11.Information Technology 12. Mass Communication 13. Physics 14. Public Administration 15. Sanskrit

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**ગ્રંથાલયોમાં માહિતી પ્રત્યાયન ટેકનોલોજી**

સંપાદક : ડૉ. મનુભાઈ જી. પટેલ, પ્રકાશક : પ્રાર્શ્વ, અમદાવાદ, ૨૦૧૧. પૃ. ૨૫૬, રૂા. ૧૯૦-૦૦. ISBN 978-93-81062-71-5

'ધ રોલ ઓફ એકેડેમિક લાયબ્રેરિઝ ઈન ન્યુ એન્વાયરનમેન્ટ' પરિસંવાદમાં પ્રસ્તુત થયેલ શોધ લેખો આ ગ્રંથમાં સ્થાન પામે છે.

મારા ગુરુશ્રી ડો.મનુભાઈ પટેલ (ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન અને કો-ઓર્ડિનેટર, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ)નું પ્રથમ પુસ્તક પ્રગટ પ્રસિધ્ધ થાય અને તે પણ ISBN સાથે. તે મારે મન અદકેરો આનંદ છે. સંપાદકશ્રી પણ પ્રસ્તાવનામાં દર્શાવે છે કે "કોઈ પણ વ્યકિત માટે તેને પ્રથમ પુસ્તકનું પ્રકાશન પ્રથમ સંતાનના જન્મ જેટલું આનંદપ્રદ હોય છે."

આ પુસ્તકમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાના લેખોનો વિભાગ સ્વતંત્ર કરીને તેને વર્ણાનુંક્રમમાં ગોઠવવા જરૂરી હતા. વિદ્યાર્થીઓના લેખોને પણ અલગ વિભાગમાં સમાવિષ્ટ કરવા જરૂરી હતા. સંશોધિત લેખો પ્રમાણમાં ઓછા જોવા મળે છે. સંદર્ભસ્ત્રોતના વિચારોનું ચિંતન કરીને પોતાના વિચારોમાં લેખો પ્રસ્તુત થયા હોત તો ? માહિતી પ્રત્યાયન ટેકનોલોજીને સ્પર્શતાં જૂજ પુસ્તકો જ ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે ત્યારે આ ગ્રંથ એક નવીન માર્ગને રજૂ કરીને પ્રેરણા પૂરી પાડે છે.

સંપાદકશ્રીએ પોતાની સાથે પોતાના શિષ્યોના લેખોને પ્રગટ કરીને ગુરુ-શિષ્ય પરંપરાને શરૂ કરી છે. સંપાદકશ્રીનો આ પ્રથમ પ્રયાસ સરાહનીય છે. આપણે આશા રાખીએ કે સંપાદકશ્રી ગ્રંથાલયશાસ્ત્રના અભ્યાસક્રમને સંબંધિત અન્ય ગ્રંથો પણ ગ્રંથાલય વિશ્વને આપે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા, તંત્રી 'દક્ષિણાયન'

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,

ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

માહિતી અને જ્ઞાન વચ્ચેનો ભેદ શિક્ષકે સમજવો રહયો. શિક્ષકે માહિતી આપી, બીજા તબક્કામાં જ્ઞાન અને ત્રીજા તબકકામાં વિદ્યા આપવા માટેનું સામર્થ્ય કેળવવું રહયું. માત્ર પગારદાર શિક્ષક નહીં, પરંતુ આગામી પેઢીને ઘડનારો સમાજનો હું જવાબદાર વ્યકિત છું... ભાવ તેમણે કેળવવો રહયો... શિક્ષણની સુધારણા માટે વ્યકિતની માનસિકતામાં પરિવર્તન લાવવું તે તેની પ્રાથમિક શરત છે. વ્યકિતની માનસિકતા અને શિક્ષણ પ્રત્યેના તેના અભિગમમાં પરિવર્તન ન આવે ત્યાં સુધી શિક્ષણને સુધારવાના કોઈપણ ઉપાયો કારગત નીવડવાના નથી.

નરેન્દ્ર મોદી (પ્રગતિનું પંચામૃત ભાગ-૨)

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**

**Published by : J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com